# 10 ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ

**વિનોબા ભાવે**

**(જન્મ : 11-9-1895, અવસાન : 15-11-1982)**

વિનાયક નરહરિ ભાવે, વિખ્યાત 'વિનોબા'ને નામે. રાયગઢ જિલ્લાના ગાગુડે ગામમાં તેમનો જન્મ થયો હતો.

તેઓ આચાર્યના હુલામણા નામે પ્રસિદ્ધ હતા. ગાંધીજીના અનુયાયી અને ભૂદાન ચળવળના પ્રણેતા હતા. તેઓ મૌલિક ચિંતક અને લેખક હતા. તેમણે ભગવદ્‌ગીતાનો મરાઠી ભાષામાં અનુવાદ કર્યો હતો. 'ગીતાપ્રવચનો' (ભારતની તમામ ભાષામાં અનુવાદિત) 'વિચારપોથી', 'સ્થિતપ્રજ્ઞ દર્શન', 'મધુકર', 'ક્રાંતિ દર્શન', 'સ્વરાજ્ય શાસ્ત્ર', 'ભૂદાન ગંગા ભાગ-૧ થી ૧૦ તેમનાં મહત્ત્વનાં પુસ્તકો છે. તેમને રેમન મેગ્સેસ એવોર્ડ તથા ભારતરત્નથી સન્માનિત કરાયા હતા.

વિનોબા ભાવેએ 'ભારતીય સંસ્કૃતિની સિદ્ધિ' નિબંધમાં સંસ્કૃતિ-પ્રકૃતિ અને વિકૃતિ વચ્ચેનો ભેદ ઉદાહરણોથી સમજાવ્યો છે. વિકૃતિનો અસ્વીકાર અને પ્રકૃતિને સંસ્કૃતિનું રૂપ આપવાની ભલામણ લેખકે કરી છે. ભારતીય સંસ્કૃતિની પ્રયોગશીલતાનો લેખકે મહિમા કર્યો છે. ભારતદેશનો વિચારવૈભવ અદ્‌ભુત છે એમ કહી લેખકે ભારતીય સંસ્કૃતિની ખૂબીઓ ખૂબ સચોટ રીતે સમજાવી વિવિધતામાં એકતાની વિશેષતા સ્પષ્ટ કરી છે.

---

પ્રકૃતિ એટલે સહજ સ્વભાવ. સંસ્કૃતિ એટલે સહજ સ્વભાવથી ઉપર ઊઠવું. વિકૃતિ એટલે સહજ સ્વભાવથી નીચે પડવું. પ્રકૃતિ વચ્ચે છે, નૉર્મલ છે, સહજ છે.

માણસની એક પ્રકૃતિ હોય છે, એક સંસ્કૃતિ અને એક વિકૃતિ. ભૂખ લાગે છે અને ભૂખ લાગતાં માણસ ખાય છે, તે એની પ્રકૃતિ છે. ભૂખ ન લાગવા છતાં માણસ ખાય છે, તે એની વિકૃતિ છે અને ભૂખ લાગવા છતાં આજે એકાદશી છે એટલા વાસ્તે ભગવત્-સ્મરણ માટે માણસ ખાતો નથી, તે એની સંસ્કૃતિ છે. આમ, ઉપવાસ કરવો એ સંસ્કૃતિ છે. આપણે મહેનત કરીને ખાઈએ છીએ, તે આપણી પ્રકૃતિ છે. આપણે જાતે મહેનત કરવાનું ટાળીશું, બીજાની મહેનત લૂંટીને ભોગ ભોગવતા રહીશું, તે આપણી વિકૃતિ છે. આ વસ્તુ ભલે મોટા ભાગના માણસોમાં દેખાતી હોય, તેમ છતાં આ માણસની પ્રકૃતિ નથી, વિકૃતિ જ છે. ભલે ને આ પ્રકારની વિકૃતિ પ્રાચીન કાળથી આજ સુધી દેખાતી હોય. તેમ છતાં આ કદાપિ સંસ્કૃતિ હોઈ શકે નહિ. પરંતુ આપણા શ્રમથી પેદા થયેલી ચીજ પણ બીજાને આપ્યા વિના ભોગવવી નહિ, આપીને અને વહેંચીને જ ભોગવવી, એ માણસની સંસ્કૃતિ છે. માણસમાં અને પશુમાં ફરક છે, અંતર છે. આ અંતરને વધારવું, પશુપણામાંથી નીકળતા જઈને માણસપણા તરફ આગળ વધતા જવું, તેને જ સંસ્કૃતિવર્ધન કહે છે. માણસ સુખ અને આનંદ શોધે છે, એ ખરું; પરંતુ કયો આનંદ વિકૃત છે, કયો પ્રાકૃત છે અને કયો સંસ્કૃત છે, તેનો ખ્યાલ રાખવો પડે. જે સુખ સહુને આનંદ આપી શકે તેવું હોય એ જ ખરું સુખ છે, અને એ જ સુસંસ્કૃત આનંદ છે. જે આનંદ આપણને સંસ્કૃતિ તરફ લઈ જાય, એ જ સાચો આનંદ છે.

સંસ્કૃતિ ક્યારેય ખરાબ નથી હોતી, વિકૃતિ જ ખરાબ હોય છે, અને પ્રકૃતિને આપણે ન ખરાબ કહી શકીએ, ન સારી. તે જેવી છે તેવી છે. કાગડો કાળો છે, તેને આપણે ખરાબ ન કહી શકીએ, કેમ કે તે એની પ્રકૃતિ છે. બગલો સફેદ છે, પણ તેટલા માત્રથી આપણે તેને સારો ન કહી શકીએ, કેમ કે તે એની પ્રકૃતિ છે, પ્રકૃતિથી ઉપર ઊઠીને આગળ વધવું, એ જ સંસ્કૃતિ છે.

ઘણી વાર આપણે વિકૃતિને પણ સંસ્કૃતિ માની લેવાની ભૂલ કરી બેસીએ છીએ. એટલે આ બાબત સાવધ રહેવાની જરૂર છે. આજે પશ્ચિમના લોકો વિજ્ઞાનમાં ઘણા આગળ વધ્યા છે. એમની પાસેથી આપણે લેવા લાયક ઘણું છે; પરંતુ એમનામાં ઘણો વિકૃતિનોયે અંશ પડ્યો છે, તેને સંસ્કૃતિ માની લેવાની ભૂલ આપણે ન કરીએ. એમની વિકૃતિ કાંઈ આપણે અપનાવવાની નથી. તે સિવાય દુનિયાભરની જેટલી સંસ્કૃતિ છે, તે આપણે અપનાવી લેવાની છે.

આની સાથોસાથ એ પણ ધ્યાનમાં રાખીએ કે દુનિયાભરની સંસ્કૃતિ લઈએ, પણ આપણે ત્યાંની પણ ભલે હોય, વિકૃતિ આપણને ન ખપે. આપણે ત્યાં પ્રાચીન કાળથી કોઈ એક જ ચીજ ચાલી આવતી હોય, પણ તે જો વિકૃતિ હોય, તો તેનો સ્વીકાર હરગિજ ન કરવો જોઈએ. વિકૃતિ બીજાઓની હોય કે આપણી હોય, સદંતર વર્જ્ય છે. અને પ્રકૃતિને સ્વીકારવી, પણ તેનુંયે હંમેશાં શોધન કરતા રહેવું. પ્રકૃતિને હરહંમેશ સંસ્કૃતિનું રૂપ આપતા રહેવું.

ખાવાનું આપણે ન છોડી શકીએ, કારણ કે તે પ્રકૃતિ છે, પણ માંસાહાર છોડી શકીએ. તે જરૂર છોડીએ, કેમ કે તે સંસ્કૃતિની દિશાનું આગળનું પગલું છે. ખાવામાં સંયમ રાખી શકીએ તો જરૂર રાખીએ, કારણ કે તેમ કરવાથી સંસ્કૃતિની દિશામાં એટલા આગળ વધીશું.

મારું તો માનવું છે કે વિજ્ઞાનની જેમ જેમ પ્રગતિ થતી જશે, માણસમાં વૈજ્ઞાનિક વૃત્તિ જેમ જેમ વધતી જશે, તેમ તેમ વિકૃતિઓ ક્ષીણ થતી જશે અને માણસ સંસ્કૃતિની દિશામાં આગળ વધતો જશે. બહુ આગ્રહ કરી-કરીને ખવડાવવું કે અકરાંતિયાની માફક ખાવું, એ પણ વિકૃતિ જ છે. પણ આજે હજી માણસને આ સમજાતું નથી, કેમ કે માણસને આપણી શરીરરચનાનું અને પાચન-પ્રક્રિયાનું પૂરતું જ્ઞાન નથી. જ્યારે તેને શરીરનું અંતર-બાહ્ય જ્ઞાન થશે, ત્યારે તેને તુરત સમજાશે કે આ વિકૃતિ છે અને તે છોડવી જોઈએ. માણસ કાયમ સંસ્કૃતિ-વિકૃતિનું પૃથક્કરણ કરતો રહેશે, વિશ્લેષણ કરતો રહેશે, પ્રયોગો કરતો રહેશે, અને પોતાને સાચી દિશામાં આગળ વધારતો રહેશે.

આવું ભારતમાં થયું છે. અહીં હજારો વરસથી માણસ જાતજાતના પ્રયોગો કરતો રહ્યો છે અને તેમાંથી આપણે જેને ભારતીય સંસ્કૃતિ કહીએ છીએ, તે નીપજી છે. ભારતની સંસ્કૃતિ પ્રયોગશીલ છે. ભારત પ્રાચીન કાળમાં બહુ જ પ્રવૃત્તિમય હતો. અહીં બહુ પ્રયોગો પણ થયા, તેના નિષ્કર્ષ પણ નીકળ્યા. અને તેમાંથી વિવિધ શાસ્ત્રો પણ ઊભાં થયાં. તેમાં આધ્યાત્મિક દૃષ્ટિ મુખ્ય હતી. માણસ આધ્યાત્મિક દૃષ્ટિએ કેમ આગળ વધતો રહે, તેની ખોજ નિરંતર ભારતમાં ચાલી. આવી બધી યોજનાઓ આપણા પૂર્વજોએ અનેક પ્રયોગો કરી-કરીને ઘડી. અને આ આપણો બહુ મોટો વારસો છે.

ભારત માટે એમ કહેવાય છે કે આ એક મોટો સંપન્ન દેશ છે. અહીં સુંદર-સુંદર સેંકડો નદીઓ વહે છે અને હિમાલય જેવો અદ્ભુત પહાડ તો અહીં છે જ. આપણો દેશ ભારે સુજલ ને સુફળ છે. પણ આપણા કરતાંયે વધારે સુજલ-સુફળ દેશો દુનિયામાં મોજૂદ છે. એટલે આ કાંઈ આપણી વિશેષતા ન કહેવાય. હા, આપણે એવો દાવો જરૂર કરી શકીએ કે અહીં જે વિચાર-સંપદા આપણને મળી છે, તે અત્યંત અદ્વિતીય છે. આ હું કોઈ અભિમાનથી નથી કહેતો. જો હું કોઈ બીજા દેશમાં જન્મ્યો હોત, તોપણ નિષ્પક્ષપણે તટસ્થતાથી ભારત વિશે આવું જ કહેત કે ભારતનો વિચાર-વૈભવ ખરેખર અદ્વિતીય છે.

ભારતમાં વૈદિક ઋષિઓથી લઈને આજ સુધી શબ્દોની એક અખંડ પરંપરા ચાલી આવી છે. હું દુનિયામાં બીજો કોઈ દેશ એવો નથી જોતો, જ્યાંની ભાષામાં દસ હજાર વરસોથી એના એ શબ્દ ચાલ્યા આવતા હોય. ભારતમાં શબ્દશક્તિનું જેટલા ઊંડાણથી ચિંતન થયું છે, તેટલું બીજે ક્યાંય નથી થયું. ભારતે પોતાના પુરાણા શબ્દોને તોડ્યા નથી. નવા જરૂર બનાવ્યા છે. સાથે જ જૂના શબ્દોમાં નવા અર્થ નાખીને તેમનો વિકાસ કર્યો છે. આ શબ્દ-પરંપરા ભારતમાં પહેલેથી આજ સુધી અખંડ ચાલી આવી છે અને બીજે ક્યાંય આવું જોવા મળતું નથી.

યાસ્કાચાર્યે કહ્યું, આપણી સનાતન છતાં નિત્યનૂતન સંસ્કૃતિ છે. આપણી ભીતર એક અખંડ તંતુ કાયમ છે. પુરાણા જમાનાના કોઈ ઋષિ આજે આવે, તો તેને આપણો બાહ્ય વેશ ભલે જુદો દેખાય, પણ એને આપણામાં એવું કાંઈક અવશ્ય દેખાશે, જેને લીધે એ કહી ઊઠશે કે આ મારાં જ બાળકો છે. આપણી ભીતર કોઈક શાશ્વત, સ્નિગ્ધ, ચવડ, કઠોર અને જીવતરવાળી વસ્તુ છે, જે બદલાતી નથી. આ આપણું એક અનોખું બળ છે.

હજારો વરસોનો આપણો પુરાતન દેશ છે. જ્યારે બીજા દેશોના ઈતિહાસનો આરંભ પણ નહોતો થયો, ત્યારે આપણા પૂર્વજો ગૌરવશિખર ઉપર પહોંચી ગયા હતા. અનેકાનેક પરિવર્તન આવ્યાં, છતાં અહીંની પરંપરા અતૂટ રહી, જે પ્રાચીનતમ કાળ સાથે આપણને જોડી રાખે છે. સ્થળ-કાળના ભેદો છતાં અહીં એકતાનું જ દર્શન થાય છે.

અહીં કહેવાયું છે કે, ‘દુર્લભં ભારતે જન્મ’. આપણો આ ભારતદેશ પરમ પવિત્ર દેશ છે, એમ આપણા પૂર્વજો કહ્યા કરતા. ‘દુર્લભં મહારાષ્ટ્રે જન્મ’, ‘દુર્લભં ગુર્જરેષુ જન્મ’- એવાં વચન તમને અહીં ક્યાંય નહિ મળે. તુલસીદાસજી પણ કહેશે, ‘ભલિ ભારત ભૂમિ, ભલે કુલ જન્મ.’ પાંચસો વરસ પહેલાં ગુજરાતના કવિ નરસિંહ મહેતાએ ગાયું - ‘ભરત ખંડ ભૂતળમાં જન્મી જેણે ગોવિંદના ગુણ ગાયા રે !’ તે ધન્ય છે ! આ જ વાત અસમના શંકરદેવ અને માધવદેવે પણ કહી. ન નરસિંહ મહેતાએ ગુજરાતનો મહિમા ગાયો, ન શંકરદેવે અસમનો મહિમા ગાયો ! એકબીજાની ભાષા તો તેઓ જાણતા નહોતા, એકબીજાનેય નહોતા જાણતા. છતાં ભારત અમારી પુણ્યભૂમિ છે અને અમે તેમાં જન્મ પામ્યા તેથી ધન્ય થઈ ગયા, એવું એ બંનેએ અનુભવ્યું અને વ્યક્ત કર્યું.

આવી રીતે આખા ભારતનું અભિમાન એ કાંઈ પ્રકૃતિ નથી, બલ્કે સંસ્કૃતિ છે. જ્યાં એવી એવી ભાષાઓ છે કે ન જાણતો હોય તેને શીખતાંયે વરસો નીકળી જાય, એવી વિભિન્ન ભાષાઓ અને અપરંપાર વિવિધતાવાળા આ ભૂખંડને એક દેશ માનવો, એ સંસ્કૃતિ છે. પ્રકૃતિથી ઉપર ઊઠીને આ સંસ્કૃતિ સધાઈ છે. એવી ભારતીય સંસ્કૃતિને આપણે જાળવવાની છે અને આગળ વધારવાની છે.

**('ભારતીય સંસ્કૃતિ'માંથી)**

## શબ્દ-સમજૂતી

### સમાનાર્થી / શબ્દાર્થ

**વર્જ્ય** ત્યજવા યોગ્ય; **ક્ષીણ** ઘસાયેલું, નબળું; **અકરાંતિયું** ધરાય નહિ તેવું, વધારે પડતું ખાનારું; **સાવધ** જાગ્રત, સજાગ; **નિષ્કર્ષ** સાર; **અદ્વિતીય** અજોડ; **અસ્ખલિત** સતત, એકધારું; **શાશ્વત** નિત્ય; **ચવડ** મુશ્કેલીથી તૂટે, ફાટે કે ચવાય તેવું; **સંપદા** સંપત્તિ

### વિરુદ્ધાર્થી

**પ્રાચીન** અર્વાચીન; **સાવધ** ગાફેલ; **સ્નિગ્ધ** કઠણ; **બાહ્ય** આંતરિક; **આધ્યાત્મિક** સાંસારિક; **અભિમાન** નિરભિમાન; **શાશ્વત** નાશવંત; **અકરાંતિયું** મિતાહારી

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો :**

(1) નીચેનામાંથી કયું વાક્ય બંધબેસતું નથી ?

(A) વિકૃતિ એટલે સહજ સ્વભાવ

(B) પ્રકૃતિ એટલે સહજ સ્વભાવ

(C) સંસ્કૃતિ એટલે સહજ સ્વભાવથી ઉપર ઊઠવું

(D) વિકૃતિ એટલે સહજ સ્વભાવથી નીચે પડવું

(2) વિકૃતિઓ ક્યારે ક્ષીણ થતી જશે ?

(A) માણસમાં વૈજ્ઞાનિક વૃત્તિ જેમ જેમ ઘટતી જશે ત્યારે

(B) માણસમાં પશુવૃત્તિ આવતી જશે ત્યારે

(C) દુનિયાભરની સંસ્કૃતિનો અભ્યાસ કરવાથી

(D) માણસમાં વૈજ્ઞાનિક વૃત્તિ જેમ જેમ વધતી જશે ત્યારે

(3) (પાઠના આધારે) ભારત પાસે અદ્વિતીય એવું શું છે ?

(A) માનવસંપદા (B) વિચારસંપદા (C) પ્રાણીસંપદા (D) વૈભવી રહેણીકરણી

**2. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર લખો :**

(1) પ્રાચીન સમયના કોઈ ઋષિ આજે આવે તો તે શું કહેશે ?

**3. નીચેનો પરિચ્છેદ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો :**

ઉપવાસ કરવો એ સંસ્કૃતિ છે. આપણે મહેનત કરીને ખાઈએ છીએ, તે આપણી પ્રકૃતિ છે. આપણે જાતે મહેનત કરવાનું ટાળીશું, બીજાની મહેનત લૂંટીને ભોગ ભોગવતા રહીશું, તે આપણી વિકૃતિ છે.

(1) બીજાની મહેનત લૂંટીને ભોગ ભોગવવાની વૃત્તિને શું કહેવાય ?

(2) ઉપવાસને લેખક શું કહે છે ?

(3) 'પ્રકૃતિ'ને સમજાવવા લેખકે શું કહ્યું છે ?

(4) આ પરિચ્છેદને યોગ્ય શીર્ષક આપો.

**4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં ઉત્તર લખો :**

(1) આ પાઠમાંથી ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ લખો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ભારતીય સંસ્કૃતિ આધારિત ક્વિઝનું આયોજન કરી એનો સાચો ઉત્તર તથા અન્ય ત્રણ વિકલ્પો સાથે પ્રશ્નોની યાદી તૈયાર કરો. ક્વિઝમાં ભાગ લો.
- તમારા મિત્રોના પરિવારની સાથે મળી વિવિધ ઉત્સવોની ઉજવણી કરો.
- ભારતીય સંસ્કૃતિની કઈ વિશિષ્ટતાઓ તમને ગમે છે તેની યાદી તૈયાર કરો.
- સમાજમાં ઉજવાતા ઉત્સવોમાં કોઈપણ એકનો અહેવાલ તૈયાર કરો.

## ભાષા-અભિવ્યક્તિ

● ''....તેમ છતાં આ કદાપિ સંસ્કૃતિ હોઈ શકે નહિ.'' માણસ બીજાની મહેનતનો ગેરલાભ ઉઠાવે તે વિકૃતિ છે. વિનોબાજી ધારદાર શબ્દો વાપર્યા વિના પણ આ સનાતન સત્ય કેવી સાહજિકતાથી છતાં અડગતાથી રજૂ કરે છે તેની ખાસ નોંધ લો.

● માનવીની ખામીઓ, ખૂબીઓ અને સહજ સ્વભાવ માટે લેખકે કેવા સુંદર પ્રાસસભર- 'સંસ્કૃતિ', 'વિકૃતિ' અને 'પ્રકૃતિ' શબ્દો પ્રયોજ્યા છે ! શબ્દપસંદગી લેખન માટે કેવી અસરકારક બની રહે છે તે બાબતનો આ ઉત્તમ નમૂનો છે.

● ''પ્રકૃતિને હરહંમેશ સંસ્કૃતિનું રૂપ આપતા રહેવું.'' માણસે સુધારણા માટે પ્રયત્ન કરતા રહેવું જોઈએ આ પાયાની બાબત કેવી સાહજિક છતાં સરસ રીતે લાઘવથી રજૂ કરી છે તેની નોંધ લો.

● લેખકે કેટલાક તત્સમ શબ્દો પણ સક્ષમતાથી વાપર્યા છે તે જુઓ...

## શિક્ષકની ભૂમિકા

ભારતના સાંસ્કૃતિક વારસાની ભવ્યતા, વિવિધતા અને પ્રાચીનતા વિશે વિદ્યાર્થીઓને સંદર્ભો અને ઉદાહરણો દ્વારા માહિતગાર કરવા.

સંસ્કૃતિ ગમે તેટલી મહાન હોય છતાં માત્ર તેના ગુણગાન ગાવાથી તેનું સંરક્ષણ કે સંવર્ધન થઈ શકવાનું નથી. તે માટે સતત, સજાગ અને સભાનપણે પ્રયત્નશીલ રહેવું પડે તે વિચારનું દૃઢીકરણ કરવું.

પ્રકૃતિ, સંસ્કૃતિ અને વિકૃતિ વચ્ચેનો તાત્ત્વિક ભેદ સ્પષ્ટ કરી સંસ્કૃતિ તરફ આગળ વધવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.

સમાનતા, સમભાવ, અન્યનો સ્વીકાર, વૈજ્ઞાનિક અભિગમ, સહિષ્ણુતા, સરળતા અને સજ્જનતા જેવા ગુણોનું વિદ્યાર્થીઓ આચરણ કરે તે માટે શિક્ષકે વાતાવરણ પૂરું પાડવું અને પ્રયત્નશીલ રહેવું.

'ભારત એક ખોજ' ફિલ્મના કેટલાક અંશોની ડી.વી.ડી. મેળવી વિદ્યાર્થીઓને શિક્ષકે દર્શાવવી.

●